# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-10-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## અમદાવાદ : કોમનવેલલ્થ ગેમ્સ

અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સ - 2030નું યજમાન બને તેવી ભલામણ કોમનવેલ્થ ગેમ્સના કારોબારી બોર્ડે ગઇકાલે કરી હતી. આ ભલામણથી બે દાયકા બાદ આ મોટી સ્પર્ધા ભારતમાં યોજાવાનો માર્ગ મોકળો બન્યો છે. ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, કોમનવેલ્થ ગેમ્સના યજમાન પદ માટે અમદાવાદનાં નામ પર કળશ ઢોળાયો છે. આ ગુજરાત તેમજ સમગ્ર ભારત દેશ માટે ગૌરવ અને આનંદનો દિવસ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યકક્ષાના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે એક્ઝિક્યુટિવ બોર્ડ ઓફ કોમનવેલ્થ સ્પોર્ટ દ્વારા અમદાવાદની યજમાન શહેર તરીકે ભલામણ કરવામાં આવી છે. આ ઐતિહાસિક સિદ્ધિ અમદાવાદને ભારતની રમત રાજધાની તરીકે પ્રસ્થાપિત કરવાના આપણા વિઝનને બળ આપે છે. આ સાથે તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો પણ ભારતની વૈશ્વિક રમતગમતની શ્રેષ્ઠતાના અડગ નિર્ધાર માટે આભાર વ્યક્ત કર્યો હતો.

**-----------------------------------------------------------------------------------------**

## વિકાસ સપ્તાહ સમાપન

સરકારનાં વડા તરીકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં ચોવીસ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરમાં યોજાયેલા વિકાસ સપ્તાહનું ગઇકાલે સમાપન થયું. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આ સમાપન સમારોહને સંબોધતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વિકાસ સપ્તાહ દરમિયાન રાજ્ય સરકારે ગ્યાન શક્તિ એટલે કે, ગરીબ, યુવા, અન્નદાતા ખેડૂત અને નારીશક્તિના સશક્તિકરણને વધુ મજબૂત અને સશક્ત કરવાનું કામ કર્યું છે. રાજ્યમાં આ વિકાસ સપ્તાહ

દરમિયાન પાંચ હજાર કરોડ રૂપિયાથી વધુના 488 જેટલા વિકાસકાર્યોની ભેટ મળી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા વિકાસ સપ્તાહના સમાપન કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે કહ્યું ગત 24 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાત 'વિકાસનું પર્યાય' બન્યું છે.

સાંસદ વિનોદ ચાવડાની ઉપસ્થિતિમાં મોરબીમાં 184 વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયાં.

**------------------------------------------------------------------------------------------**

## રાશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે અનાજ વિતરણ

રાજ્યના 75 લાખથી વધુ રાશનકાર્ડ ધરાવનારા ત્રણ કરોડ 26 લાખ જેટલા સભ્યોને દિવાળી દરમિયાન વિનામૂલ્યે અનાજનું વિતરણ કરાશે. રાજ્ય સરકારના આ નિર્ણય અંગે અન્ન-નાગરિક પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું,

17 હજારથી વધુ વાજબી ભાવની દુકાન પરથી આ તમામ સભ્યોને ઘઉં, ચોખા અને શ્રી અન્નનું વિતરણ કરાશે.

સાથે જ અંત્યોદય અને ગરીબી રેખા નીચે આવતા – **BPL** પરિવારોને વધારાની ખાંડ અને ખાદ્ય તેલનું રાહતદરે વિતરણ કરાશે. જ્યા અંત્યોદય અન્ન યોજનાના પરિવારોને પ્રતિકાર્ડ કુલ 35 કિલો અનાજ અપાશે.

**------------------------------------------------------------------------------------------**

## શાળાઓમાં દિવાળી વેકેશન

ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની રાજ્યની સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની પ્રાથમિક-માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગની શાળાઓમાં આજથી 21 દિવસના દિવાળી વેકેશનનો પ્રારંભ થયો છે. 5 નવેમ્બર સુધી સ્કૂલો બંધ રહેશે, 6 નવેમ્બરથી બીજા સત્રનો પ્રારંભ થશે.

દ્વિતીય શૈક્ષણિક સત્ર 6 નવેમ્બરથી 3 મે સુધીનું 144 દિવસનું રહેશે. પ્રથમ સત્ર 9મી જૂનથી 15મી ઓક્ટોબર સુધીનું 105 દિવસનું હતું.

---

## સહકાર વિભાગ : ટપાલપત્ર અભિયાન

રાજ્યના સહકાર વિભાગે વિશ્વના સૌથી મોટા આભાર લેખન ટપાલપત્ર અભિયાન હેઠળ વિશ્વ વિક્રમ બનાવ્યો છે. વિભાગે વસ્તુ અને સેવા કર **– GST** સુધારા**,** મેક ઇન ઇન્ડિયા**,** હરઘર સ્વદેશી ઘર-ઘર સ્વદેશી જેવા વિષય અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માનીને તેમને એક કરોડ 11 લાખ 75 હજાર ટપાલપત્ર લખી આ વિશ્વ વિક્રમ બનાવ્યો છે. ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા સહકાર વિભાગને વિશ્વ વિક્રમનું પ્રમાણપત્ર પણ અપાયું છે તેમ સહકાર વિભાગના સચિવ સંદીપ કુમારે જણાવ્યું.

---

## માતાના મઢ : ભુવાજીનું નિધન

માતાના મઢ સ્થિત આશાપુરા મંદિરના ભૂવાજી તિલાટ દિલુભા ચૌહાણનું નિધન થતાં શોક ફેલાયો હતો. માતાના મઢ ગામના વેપારીઓએ વેપાર-ધંધા બંધ રાખી શોકાંજલિ આપી હતી. ભૂકંપ હોય કે દુષ્કાળ કે અન્ય કુદરતી આફત ગામ પર આવી  હોય તેઓ અગ્ર હરોળમાં ઊભા રહી સેવા કરતા હતા. અંતિમયાત્રામાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

---

## હવામાન

વાતાવરણીય વિષમતાના કારણે જિલ્લામાં ફૂલગુલાબી ઠંડીની ચમક વચ્ચે બપોરના ભાગે તાપનો પ્રભાવ યથાવત્ રહેતાં લોકો મિશ્ર હવામાનનો અનુભવ કરી રહ્યા છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યાનુસાર હજુ આગામી થોડા દિવસ સુધી વાતાવરણમાં વિષમતાનો આ દોર યથાવત્ રહેવાનો છે. કચ્છી કાશ્મીર નલિયામાં લઘુતમ પારો 18 ડિગ્રીના આંકે અટકેલો રહ્યો

હતો. નલિયા સતત બીજા દિવસે રાજ્યનું મોખરાનું ઠંડું મથક બની રહેતાં વિશેષ રીતે મોડી રાતથી વહેલી સવારના લોકોએ ઠંડીની ચમક અનુભવી હતી. કંડલા પોર્ટમાં લઘુતમ તાપમાન 22 ડિગ્રી નોંધાયું હતું. 19.6 ડિગ્રી એ અંજાર-ગાંધીધામ વિસ્તારના લોકોએ આગોતરી ઠંડીની ચમક અનુભવી હતી. તો જિલ્લામથક ભુજમાં 22.7 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

**--------------------------------------------------------------------------------**

## રાજ્યના મુખ્ય પોલીસ અધારી બેઠક

રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી **– DGP** વિકાસ સહાયે ગઇકાલે દિવાળીના તહેવાર નિમિત્તે કાયદા અને વ્યવસ્થા જાળવવા અંગે સમીક્ષા બેઠક યોજી. ગાંધીનગર પોલીસ ભવન ખાતેથી તેમણે ઑનલાઈન માધ્યમથી તમામ શહેરના પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડા સાથે સુરક્ષા વ્યવસ્થા અંગે ચર્ચા કરી. તેમણે પોલીસ પૅટ્રોલિંગ, ડ્રૉન નિરીક્ષણ અને ટ્રાફિક વ્યવસ્થાપન અંગે વિશેષ ભાર મૂકવા પણ સૂચના આપી.

**--------------------------------------------------------------------------------**